# ખંભીસર વરઘોડા ઘર્ષણ કેસ : તડીપાર કેસમાં અનુ. જાતિ અગ્રણી હાજર, ફરિયાદી પોલીસ તંત્ર ગેરહાજર

મોડાસાના ખંભીસર ગામમાં અનુ.જાતિ સમાજના યુવકના લગ્નમાં ગામના જાહેરમાર્ગો પર વરઘોડો કાઢવા માટે લગ્ન કરનાર યુવકના પરિવારજનોએ પોલીસ રક્ષણ માંગ્યું હતું જેમાં પોલીસ રક્ષણ આપવામાં નિષ્ફળ રહેતા પટેલો



અને અનુ.જાતિ સમાજના જૂથ વચ્ચે ઘર્ષણ થયું હતું જેમાં પોલીસે અનુ.જાતિ આગેવાન હસમુખ સક્સેના સહીત બંને પક્ષના ટોળા સામે પોલીસને જાનથી મારી નાખવાના આશયથી હુમલો કરવામાં આવ્યો હોવાની ફરિયાદ નોંધાઈ હતી. મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદના આધારે અરવલ્લી પોલીસે હસમુખ સક્સેનાને તડીપાર કરવા દરખાસ્ત કરતા મોડાસા પ્રાંત અધિકારીએ નોટિસ ફટકારી બચાવ કરવા માટે આધાર પુરાવા રજુ કરવા જાણ કરી ૧૯ તારીખે હાજર થવા તાકીદ કરતા અનુ.જાતિ અગ્રણી હસમુખ સક્સેના હાજર રહ્યા હતા અગમ્ય કારણોસર તડિપારની દરખાસ્ત કરનાર અરવલ્લી પોલીસતંત્ર ગેરહાજર રહી હતી.

અનુ.જાતિ અગ્રણી હસમુખ સક્સેના તડીપાર નોટિસના પગલે સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ મોડાસાની કોર્ટમાં હજાર થવા પહોંચતા મોટી સંખ્યામાં અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાંથી અનુ.જાતિ સમાજના અગ્રણીઓ અને યુવકો ઉપસ્થિત રહ્યા હતા હસમુખ સક્સેના તેમના વકીલ કે.કે. વણકર સાથે નામદાર કોર્ટમાં એસ.ડી.એમ. ઈલાબેન સમક્ષ ઉપસ્થિત રહ્યા હતા એસડીએમ એ તેમની રજુઆત સાંભળી ૩ ઓક્ટોમ્બર ની મુદત પાડી હતી ફરિયાદી પક્ષે અરવલ્લી જીલ્લા પોલીસવડા ગેરહાજર રહેતા તેની નોંધ લીધી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

અનુ.જાતિ હસમુખ સક્સેનાએ જણાવ્યું હતું કે મારે મન સંવિધાન એજ સત્ય છે સમાજના સંગઠનો સાથે છે સમાજના ચૂંટાયેલા નેતાઓ પોતાની સત્તા સાચવવા માટે મૌન ધારણ કરી બેઠા છે એ સમાજ માટે અને લોકશાહી માટે ચિંતાનો વિષય છે તડીપાર કેસ કે ખંભીસર વરઘોડા ઘર્ષણ મામલે સમાજ જે કહેશે તે કરીશ તેમ જણાવ્યું હતું અરવલ્લી જીલ્લા સેવાસદન પોલીસ છાવણીમાં ફેરવાયું હતું.

હસમુખ સક્સેના વકીલ કે.કે. વણકરે પત્રકરોને જણાવ્યું હતું કે, હસમુખ સક્સેના સામે તડિપારની પ્રપોઝલ કરેલ છે જે સંદર્ભે આજે પ્રથમ મુદત હોવાથી નામદાર કોર્ટમાં એસડીએમ સામે હાજર રહ્યા હતા પોલીસ તરફે કે ફરિયાદી પક્ષે કોઈ હાજર ન રહેતા કોર્ટે તેની નોંધ લઈ બીજી મુદત ૩ ઓક્ટોમ્બરની પડેલ છે અને કોર્ટમાં મુકેલ ચાર્જશીટના કાગળો આક્ષેપિત ને આપવામાં ન હોવાથી નામદાર કોર્ટે પોલીસને આદેશ આપી આગામી મુદત પહેલા હસમુખ સક્સેના કે તેમના વકીલને પહોંચાડવાની તાકીદ કરી હોવાનું જણાવી વધુમાં જણાવ્યું હતું કે અરવલ્લી જીલ્લા પોલીસતંત્રએ ઈરાદાપૂર્વક અનુ.જાતિ અગ્રણી હસમુખ સક્સેના ને ખોટી રીતે હેરાન કરવામાં આવી રહ્યા છે.

# એલ.સી.બી. પોલીસે ધાનેરામાંથી રીઢો વાહન ચોર ઝડપ્યો : ત્રણ ગાડી ચોર્યાની કબૂલાત

ડીસા

બનાસકાંઠા એલ.સી.બી. પોલીસે ધાનેરામાંથી રીઢા વાહન ચોરને ઝડપી લઈ ડીસામાંથી એક અને અન્ય બે વાહન ચોરીની ઘટનાઓનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે.

બનાસકાંઠા એલસીબી પોલીસની ટીમે ધાનેરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન બાતમીના આધારે આઠેક દિવસ પહેલાં ડીસા શહેરમાંથી ચોરાયેલ ટાટાસુમો ગાડી સાથે આરોપી અનિલકુમાર સુરજનરામ વિષ્ણોઇ (રહે. ડાંગરા, તાલુકો. સાંચોર જિ જાલોર રાજસ્થાન)ને ઝડપી લઈ આકરી પૂછપરછ કરતા આ શખ્સે ડીસા ઉત્તર પોલીસ મથકની હદમાંથી આઠ દિવસ અગાઉ રાત્રીના સમયે આ ગાડી પોતાના સ્પ્લેન્ડર પ્લસ બાઈકની ચાવી વડે ચાલુ કરી ચોરી કરેલ હોવાની કબૂલાત કરવા ઉપરાંત અગાઉ ડીસા રૂરલ પોલીસ મથક તથા ડીસા શહેર ઉત્તર પોલીસ મથકના હદ વિસ્તારમાંથી પીકપ ડાલાની ચોરી કરી હોવાની પણ કબુલાત કરી હતી. છે. જેથી એલસીબી પોલીસે આ શખ્સને ડીસા પોલીસના હવાલે કરતા પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.



**મંત્રી જવાહરભાઈ ચાવડાએ અંબાજી માતાજીના દર્શન કર્યા**

પ્રવાસન અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જવાહરભાઈ ચાવડાએ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ભક્તિભાવપૂર્વક જગદજનની મા અંબાના દર્શન અને પૂજા અર્ચના કરી હતી.મંત્રીશ્રીએ ગબ્બર ઉપર તેમજ શક્તિપીઠના મંદિરમાં દર્શન અને પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના નાયબ ઈજનેરશ્રી ગિરીશભાઈ પટેલ તથા દેવસ્થાન ટ્રસ્ટના એસ્ટેટ ઓફીસરશ્રી અરૂણભાઈ ગઢવી પાસેથી યાત્રિકો માટેની સુવિધાઓ તથા મંદિરના સુવર્ણ શિખર અંગે મંત્રીશ્રી જાણકારી મેળવી હતી. આ પ્રસંગે દાંતા પ્રાંત અધિકારી શ્રીમતી કુસુમબેન પ્રજાપતિ સર્કલ ઓફિસર બી.બી ખાંટ,સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ ફિશરીઝ બનાસકાંઠા શ્રી ડી.એન.પટેલ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

# બનાસકાંઠાના ૪૫ પોલીસ કર્મચારીઓની આંતરિક બદલી

## એલ.સી.બી.માં ફરજ બજાવતા મોટાભાગના કર્મીઓ બદલાયા

બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અજીત રાજીયાન દ્વારા ૪૫ પોલીસ કર્મીઓની તાત્કાલિક અસરથી આંતરિક બદલીના આદેશ કરાયા છે અગાઉ સ્વખર્ચ /જાહેરહીતમાં કરાયેલ તમામ બદલી ઓર્ડર રદ કરી કર્મચારીઓને મૂળ જગ્યાએ મુકવામાં આવ્યા છે તેમાંય એલ.સી. બી.માં કામ કરતા મોટા ભાગના પોલીસ કર્મી ઓની આંતરિક બદલીઓ જિલ્લામાં કરવામાં આવી છે તેમજ તમામ પોલીસ કર્મીઓ ને આજે સવારે ૧૧-૦૦ કલાકે નવીન નિયુક્તિ સ્થળે હાજર થવા ફરમાન પણ જિલ્લા પોલીસ વડા દ્વારા કરાયું છે.

ડીસાના વિવિધ પોલિસ મથકમાં બદલી કરાયેલ પોલીસ કર્મીઓમાં અનાર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે એલ. સી. બી. માં ફરજ બજાવતા નરપતસિંહ શિવાજીને ડીસા દક્ષિણ પોલીસ મથકમાં તેમજ કુલદીપસિંહ કિશોરસિંહને ડીસા રૂરલ પોલીસ મથકમાં મુકાયા છે અને અલ્પેશ જીવણજીને ડીસા ઉત્તર પોલીસ મથક માં મુકાયા છે તેમજ અનાર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે વાવમાં ફરજ બજાવતા બાબરજી વર્સનગજીને ડીસા રૂરલ માં મુકાયા છે અને ગજેન્દ્રદાન કૈલાશદાનને ડીસા દક્ષિણ પોલીસ મથકમાં મુકાયા છે તેમજ ડીસા નાયબ પોલીસ અધિક્ષકના કમાન્ડો તરીકે ફરજ બજાવતા ભાવેશ પરસોત્તમજીને પાલનપુર હેડ ક્વાર્ટર ખાતે મુકાયા છે.





**બાયડમાં ભાજપનું શક્તિ પ્રદર્શન : વિધાનસભા ચૂંટણીનો ધમધમાટ**

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના અલ્પેશ ઠાકોરના સાથી અને વિધાનસભા-૨૦૧૭ માં કોંગ્રેસ પક્ષમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા ધવલસિંહ ઝાલાએ કોંગ્રેસ પક્ષમાં સતત અન્યાય થતો હોવાનું રટણ કરી ધારાસભ્ય પદેથી રાજીનામુ ધરી દઈ કેસરિયો ધારણ કરતા ગમે તે ઘડીએ બાયડ સહીત રાજ્યની રાજ્યની ૭ વિધાનસભાની ચૂંટણીઓ યોજાનાર છે. આગામી સમયમાં રાજ્યની સાત વિધાનસભામાં યોજાનાર પેટા ચૂંટણી જીતવા માટે ભાજપે કમર કસી છે. ભાજપ દ્વારા તમામ સીટ પર એક સરકાર અને એક સંગઠનમાંથી નેતાની પસંદગી કરી જવાબદારી નક્કી કરવામાં આવી છે. ઉત્તર ગુજરાતની રાધનપુર અને બાયડ વિધાનસભા ખૂબ હાઈ-પ્રોફાઈલ રહેશે. કોંગ્રેસનો છેડો છોડી ભાજપમાં જોડાનાર અલ્પેશ ઠાકોરને રાધનપુર બેઠક પરથી અને ધવલસિંહ ઝાલાને કે અન્ય ભાજપના ઉમેદવારને હરાવવા સમગ્ર કોંગ્રેસ મેદાનમાં ઉતરશે તેવા ડરથી બાયડ ઉપરાંત રાધનપુર વિધાનસભાની પેટા ચૂંટણીની જવાબદારી ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહને આપવામાં આવી છે.

# અરવલ્લી આરટીઓમાં મેન્યુઅલી ટેસ્ટ ટ્રેક ફાળવવા રજૂઆત

અરવલ્લી જિલ્લો સાબરકાંઠાથી અલગ થયે વર્ષો વિતિ ગયા છે છતાં જિલ્લાની કેટલી કચેરીઓને પૂરતી વ્યવસ્થા મળી નથી. પૂરતી સુવિધાઓથી સજ્જ નથી તેવી જ આરટીઓ કચેરી છે. જ્યાં કોન્ટ્રાકટ કંપનીના વાંકે પ્રજા હેરાન થઈ રહી છે. કોન્ટ્રાકટ કંપનીએ ટેસ્ટ ટ્રેકના કરેલા અધૂરા કામના લીધે અરવલ્લીની જનતાને ડ્રાઈવિંગ ટેસ્ટ આપવા માટે ૧૫૦ કિલોમીટર જેટલું અંતર કાપીને હિંમતનગર આરટીઓમાં ટેસ્ટ ડ્રાઈવ આપવા જવું પડે છે. ત્યારે પ્રજાના પૈસા અને સમયનો વ્યય થાય છે . ત્યારે અરવલ્લી આરટીઓ કચેરીને મેન્યુઅલી ટેસ્ટ ટ્રેક ફાળવવામાં આવે અને પ્રજાને પડતી મુશ્કેલીઓ દૂર થાય તે માટે બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ વાહન વ્યવહાર મંત્રી આરસી ફળદુ અને વાહન વ્યવહાર કમિશનરને પત્ર લખી રજુઆત કરી છે કે તાત્કાલિક ધોરણે અરવલ્લી આરટીઓને મેન્યુઅલ ટેસ્ટ લેવાની પરવાનગી આપવા રજુઆત કરી છે.

# પ્રાંતિજ ગોપીનાથ સોસાયટીમાં તસ્કરો ત્રાટકયા

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોચરોડ રોડ ઉપર આવેલ ગોપીનાથ સોસાયટીમાં તસ્કરો





એક મકાનમાં ઘુસી બુટી રોકડ રકમ સહિત બે મોબાઈલ ચોરી કરી લઈ ગયા હતા. સોસાયટીમાંથી બે બાઈક ચોરી કરી લઈ ગયા હતા.

પ્રાંતિજના હાર્દ સમા એપ્રોચરોડ ઉપર આવેલ ગોપીનાથ સોસાયટીમાં ગઈ રાત્રીના અજાણ્યા તસ્કરો ત્રાટકયા હતા. જેમાં સોસાયટીમા રહેતા રાવલ નિકુલભાઈ પરસોતમદાસના સીડીના ભાગેથી મકાનમાં ઘુસી મકાનમાં રહેલ સરસામાન અસ્તવ્યસ્ત કરી ઘરમાં રહેલ તિજોરીમાં રહેલ બુટી જેની કિંમત અંદાજે-૫૫૦૦ તથા રસોડામાં પાણીના જગમાં મુકેલ રોકડ રકમ પરચુરણ સહિત અંદાજે ૧૧૦૦૦ મળી કુલ અંદાજે ૧૫,૫૦૦ તથા ઘરમાં રહેલ બે મોબાઈલ સહિતની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થતાં મકાનમાલિક નિકુલભાઈ રાવલ દ્વારા પ્રાંતિજ પોલીસને જાણ કરવામાં આવી હતી. ગોપીનાથ સોસાયટીમાં રહેતા સુથાર ભદેશકુમાર ઈશ્વરભાઈની બારીનો કાચ તોડી બારીમાં મુકેલ પર્સ તથા તેમની બાઈક ચોરી કરી લઈ ગયા હતા. ગોપીનાથ સોસાયટીમાંથી જ સોસાયટીમાં રહેતા કમલેશભાઇ પ્રજાપતિની ઘર આગળ પાર્ક કરેલ બાઈક પણ અજાણ્યા તસ્કરો લઈ ગયા હતા. તપાસ કરતાં સુથાર ભદેશકુમારનું બાઈક સોસાયટીના કંપાઉન્ડ હોલ પાછળથી મળી આવ્યું આવ્યું હતું. ગોપીનાથ સોસાયટીના રહીશોમાં હાલ તો ભયનો માહોલ જોવા મળી રહ્યો છે અને રાત્રીના સમયે પોલીસ દ્વારા કડક પોલીસ પેટ્રોલિગ ગોઠવવામાં આવે તેવી સોસાયટીના રહીશોની માંગ પણ ઉઠવા પામી છે.

## વહીવટ ખાડે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ઉઠવા પામ્યો છે. એકબાજુ નંબર વગરના વાહનોને રૂ ૫૦૦ સુધીનો દંડ ભોગવવાનુ નકકી કરાયુ છે. જયારે આ મામલે ડીલર્સ પણ હવે આર ટી ઓ કચેરીને રજુઆત કરી રહ્યા છે. વાહનોમાં પેન્ડીંગ નંબરોની પ્રકીયા સમયસર પુર્ણ કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. સમયમર્યાદામાં વાહનોને નંબર મળી જાય તેવી માગણી વાહનચાલકો ડીલર્સ પાસે પણ કરી રહ્યા છે. જયારે ડીલર્સ કક્ષાએથી પણ આર ટી ઓ કચેરીને રજુઆત કરવામાં આવે છે પરંતુ કોઈ પરિણામ મળતુ નથી.

## ગટરો ઉભરાતા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

લાઈન અપગ્રેડ કરવામાં આવી નથી. નવા સેકટરોમાં જટીલ બનતા ગટર લાઈનની સમસ્યા સંદર્ભે વોર્ડ નં -૭ ના કોર્પોરેટર રાકેશ પટેલે પણ તંત્ર સમક્ષ રજુઆત કરી છે. અગાઉ પણ સ્થાનિક નાગરિકો દ્વારા વારંવાર રજુઆત કરવામાં આવી હોવા છતા પરિસ્થિતિ બદલાઇ નથી. સેકટરોમાં ગટર ઉભરાવાની સમસ્યા આમ નાગરિકો માટે મુંઝવણરૂપ બની છે. બીજીતરફ તંત્ર પાસે મેન પાવર અને મશીનરીનો પણ અભાવ હોવાથી ફરિયાદોનો ત્વરિત હલ આવતો નથી. સેકટરોમાં તહેવારોના દિવસોમાં પણ રહીશો ગંદકીના ત્રાસથી ગુંગળામણ અનુભવી રહ્યા છે. સ્માર્ટ સીટી અંતર્ગત સેકટરોમાં મુખ્યગટર લાઇન બદલવાનુ કામ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. પરંતુ હાલ સેકટરોમાં ગટરો ઉભરાતી અટકાવવા માટે કોઈ આયોજન થતુ નથી.

## નોટીસ ફટકારાઈ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મળતી વિગતો પ્રમાણે તંત્ર દ્વારા ડેન્ગ્યુ અને મેલેરિયા નોટીફાઈડ થયા પછી તેની વિગતો તંત્ર દ્વારા કહેવામાં આવતી નથી. ખાનગીમાં ડેન્ગ્યુના કેસો વધી રહ્યા છે જ્યારે સરકારી દવાખાનાઓમાં નોંધાયેલા કેસોની સંખ્યા ઓછી છે.

દરમ્યાન રાજ્યના બાયોલોજીસ્ટે પણ ગાંધીનગર મહાનગરપાલિકા અને ગાંધીનગર જિલ્લાની મુલાકાત લઈ વાહકજન્ય રોગચાળાની સ્થિતિનો તાગ મેળવી અને પરિસ્થિતિ નિયંત્રણમાં રહે તે માટે વિશેષ માર્ગદર્શન આપ્યુ હતુ તેમ રાજ્ય સરકારની અખબારી યાદીમાં જણાવાયુ છે. સુઘડ, આદરજ મોટી અને ઉવારસદ પ્રા.આ. કેન્દ્રની હકુમતમાં આવતા આ ગ્રામ્ય વિસ્તાર માટે તંત્રએ પણ સંવેદનશીલતાને ધ્યાને લઈ સિલીંગ જેવી સત્તાઓ જિલ્લાકક્ષાએ આપવામાં આવે તેવી સરકારમાં રજુઆત કરી હોવાનું જાણવા મળેલ છે. જો કે જિલ્લા આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ હવે ૧૩૩ મુજબ કાર્યવાહી કરવા માટેનું મન બનાવી લેવામાં આવ્યુ છે અને આ દિશામાં આગળ વધવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

## ઉડાન ભરી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ભારતના તેજસ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ એવા જ દમદાર યુદ્ધ વિમાન છે. જે પોતાની શ્રેણીમાં પાકિસ્તાન અને ચીનના યુદ્ધ વિમાનને જોરદાર ટક્કર આપે છે. ભારતીય હવાઈ દળે તેજસ વિમાનોની એક ટીમને પહેલાથીજ પોતાના કાફલામાં સામેલ કરી ચુકી છે.

# કંપની સમાચાર

## બોશ પાવર ટુલ્સે કોર્ડલેસ એક્સ્પીરીયેન્શલ મોબાઈલ વાન્સની રજૂઆત કરી

પાવર ટુલ્સ બજારની ટોચની ઉત્પાદક અને માર્કેટીયર કંપની બોશ પાવર ટુલ્સ ઈન્ડિયાએ મોબાઈલ વાન ડેમોન્ટ્રેશનલ વ્હીકલ્સ મારફત કોર્ડલેસ રેન્જનો અનુભવ ગ્રાહકોને ઓફર કર્યો છે. તાજેતરમાં રજૂ કરવામાં આવેલા કોર્ડલેસ મતલબ બોસ ઝુંબેશની વિસ્તરણ એવી આ ઝુંબેશ તા. ૯ સપ્ટેમ્બરથી છ મહિના સુધી રહેશે.

કોર્ડલેસ મતલબ બોશ ઝુંબેશમાં ૪૦ શહેરોને ઉમેરવામાં આવ્યા હતા. આ માસના અંત સુધીમાં બોશ પાવર ટુલ્સ ભારતના ૫૦ શહેરોમાં મોબાઈલ વાન દ્વારા આ ઝુંબેશને આવરી લેવા ધારે છે અને મોબાઈલ ઝુંબેશમાં કોલકત્તા, દિલ્હી, કોચિન, અમદાવાદ, પુના, હૈદરાબાદ, ચેન્નાઈ, બેગ્લોર, લુધિયાણા અને લખનૌને આવરી લેવામાં આવ્યા છે. આ એકસ્પીરીયન્શીયલ મોબાઈલ વાન્સ ગ્રાહકોને પ્રવૃત કે શિક્ષિત કરવા ઉપરાંત કોર્ડલેસ પાવર ટુલ્સમાં ફાયદાઓ અને એક્સેસીબીલીટીને પણ સુધારશે.પાવર ટુલ્સની કોર્ડલેસ રેન્જ આ ઉદ્યોગમાં સિમાચિન્હ સમાન છે. પાવર ટુલ્સની કોર્ડવલેસ રેન્જને કારણે વર્કરોને વાયર્સ અથવા કેબલ્સમાંથી છુટકારો મળશે અને કાર્યદક્ષતા પણ વધશે. મોબાઈલ વાન એકસ્પીરીયન્શલમાં ગ્રાહકો બોશ પાવર ટુલ્સના લિથિયમ આયન બેટરી પાવર્ડ સ્ક્રુ ડ્રાયવર-બોશ ગોનું નિદર્શન જોઈ શકશે.

## એશિયન પેઇન્ટસની 'રોયલે હેલ્થ શિલ્ડ'ની રાષ્ટ્રીય કેમ્પેનમાં બ્રાન્ડ એમ્બેસેડર તરીકે દિપીકા પાદુકોણે અને રણવીર કપૂરને લઈને બીજી ટીવીસી

એશિયન પેઈન્ટસ દાયકાઓથી તમારા ઘરની સુંદર દિવાલો અને લકઝુરિયસ ફિનીશ સાથે તમારા સુંદર સ્વપ્રનું સર્જન કરતી આવી છે. પરંતુ હવે સુંદરતા સાથે, આ બ્રાન્ડ અદ્યતન ઈન્ટેરિયર પેઈન્ટ રોયલે હેલ્થ શિલ્ડ-એન્ટિ-બેકટેરિયલ પેઈન્ટ સાથે તમારી દિવાલોને સુરક્ષિત અને તંદુરસ્ત રાખવા માગે છે. તેથી ફરી એકવાર 'રોયલે હેલ્થ શિલ્ડ' કેમ્પેન રાષ્ટ્રીય ઝુંબેશના ભાગરૂપે એશિયન પેઈન્ટસે તેની બીજી ટીવીસી બહાર પાડી છે, જે ગ્રાહકોને તેમના આરોગ્યની સંભાળ રાખતા એન્ટિ બેકટેરિયલ પેઈન્ટને પસંદ કરવાનું પ્રોત્સાહન આપે છે. કોન્ટ્રાક્ટ ઈન્ડિયા દ્વારા કલ્પના કરાયેલ આ એડનું દિગ્દર્શન વિખ્યાત ડિરેક્ટર વિવેક કક્કડ દ્વારા કરવામાં આવ્યું છે અને તેમાં બ્રાન્ડ એમ્બેસેડર તરીકે દીપીકા પાદુકોણે અને રણવીર કપૂરને સમાવવામાં આવ્યા છે.

એશિયન પેઈન્ટસનો રોયલે હેલ્થ શિલ્ડ એક ક્રાંતિકારી પેઈન્ટ છે જે સ્વચ્છતા અને કલાત્મકતાનું મિશ્રણ છે જે સુરક્ષિતતા અને સુંદર ઘરની બાંયધરી આપે છે. આ તમે સારી રીતે એડ ફિલ્મમાં જોઈ શકો છો જેમાં તમારા ઘરને સુરક્ષિત બનાવવા અને રક્ષણ કરવા પર ભાર મુકવામાં આવ્યો છે. આ ફિલ્મની શરૂઆતમાં રણવીર દીપીકાને બોલાવે છે અને નવા ઘરની પાર્ટીમાં આમંત્રણ નહી આપવા બદલ અસ્વસ્થતા અનુભવે છે. દીપીકા તેણીના સુંદર રીતે પેઈન્ટ કરેલા ઘરમાં બેસેલી હોય છે તેને બેકટેરીયા સાથે સરખાવતા ખીજવે છે.

## 'જોમોસો' ગ્રુપ દ્વારા એકા અરેના બાય ટ્રાન્સ સ્ટેડીયાડીયામાં યોજાશે નવરાત્રીની રમઝટ

વરસાદી માહોલ સચવાઈ જાય એટલા માટે ઈનડોર એસી અરેનામાં નવરાત્રીનું આયોજન

જોમોસો ગ્રુપ દ્વારા આ વખતે એકા અરેના બાય ટ્રાન્સ સ્ટેડીયા, કાંકરીયા, અમદાવાદ ખાતે 'જોમોસો નવરાત્રી ૨૦૧૯' ગરબાનું આયોજન ૧૩ દિવસ માટે કરવામાં આવ્યું છે, આ વખતની નવરાત્રી એકા અરેના ખાતે કેટલી ખાસ થવા જઈ રહે છે તેનું એનાઉન્સમેન્ટ જોમોસો ગ્રુપ દ્વારા એકા ક્લબ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું, આ દરમિયાન જોમોસો ગ્રુપના ત્રણ ડીરેક્ટર કુણાલ જૈન, પલાશ જૈન, નિતિન ડાભી આ ઉપરાંત ઋષભ જૈન મેન્ટર જોમોસો ગ્રુપ, કોવિદ લોહની સીઓઓ એકા અરેના બાય ટ્રાન્સ સ્ટેડીયા જેવા મહાનુભાવો આ એનાઉન્સમેન્ટ પ્રોગ્રામમાં હાજર રહ્યા હતા. આ દરમિયાન જોમોસો ગ્રુપના ડિરેક્ટર કુણાલ જૈને કહ્યું હતું કે, આ વખતની નવરાત્રી ઈનડોર એસી અરેનામાં અહીં યોજવામાં આવશે જેથી નવરાત્રીમાં વરસાદ થાય કે વરસાદ થવાની શક્યતા હોય તો પણ અહીં આવીને ગરબા રમવાના શોખિન ખેલૈયાઓ નવરાત્રીમાં રાસ ગરબાનો ભરપૂર આનંદ માણી શકશે.

# વડગામના જાગૃત સરપંચ દ્વારા ૩૦ વિધવા માતાઓને વિધવા સહાય મંજુર કરાવાઈ

બનાસકાંઠા જિલ્લાના વડગામ ગ્રામ પંચાયતના યુવા અને જાગૃત સરપંચ દ્વારા ગામની ૩૦ જેટલી વિધવા મહિલાઓને વિધવા સહાય મંજુર કરાવીને હુકમ અપાવતાં આનંદ છવાયો છે. વડગામ ગ્રામ પંચાયત ના જાગૃત સરપંચ ભગવાનસિહ સોલંકી દ્વારા ગામમાં તમામ સમાજની વિધવા મહિલાઓ ના ડોક્યુમેન્ટ એકત્રિત કરીને ગ્રામપંચાયત દ્વારા જ વિધવા સહાયના ફોર્મ ભરીને એક સાથે ૩૦ વિધવા મહિલાઓ ને વિધવા સહાય મંજુર કરાવીને એકજ સાથે હૂકમ અપાવતાં વિધવા મહિલાઓ માં પણ આનંદ છવાયો છે. આ પ્રસંગે વડગામ પંચાયતના તલાટી શ્રી એમ.કે. આસેડીયા, ડે.સ. ભીખાભાઈ પ્રજાપતિ, પંચાયત સદસ્ય ભગવાનસિહ. ગુલાબસિહ રાજપૂત, પંચાયત ક્લાર્ક, સેવક, સહિત હાજર રહ્યા હતા. વધુમા સરપંચશ્રી ભગવાનસિહ સોલંકી એ જણાવ્યું હતું કે હજુ વડગામની ૭૦ વિધવા મહિલાઓ ને વિધવા સહાયના ફોર્મ ભરીને મામલતદાર કચેરી એ અપાયા છે જે ટુંક સમયમાં જ મંજૂર કરાવી તેમને પણ એક સાથે હુકમ અપાવા માટેના પ્રયત્નો કરાઈ રહ્યા હોવાનું મિડીયા ને જણાવાયું હતું.

## લાંબી ચર્ચા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એકાએક ચૂંટણી નારાજગી દૂર થવા માટેના કારણો શું છે તેને લઈને તમામમાં ચર્ચા જોવા મળી રહી છે. જો કે, મમતા બેનર્જીએ બપોરના ગાળામાં કેન્દ્રીયમંત્રી અમિત શાહ સાથે બેઠક યોજ્યા બાદ કહ્યું હતું કે, તેઓએ આસામમાં એનઆરસીના મુદ્દા ઉપર ચર્ચા કરી છે. મિડિયા સાથેની વાતચીતમાં મમતાએ એમ પણ કહ્યું હતું કે, આસામમાં એનઆરસી યાદીમાંથી મોટી સંખ્યામાં કાયદેસરના નાગરિકો પણ બહાર થઈ ગયા છે. મમતાએ ઉમેર્યું હતું કે, ગૃહમંત્રી સમક્ષ એનઆરસીને લઈને પોતાની ચિંતાઓ રજૂ કરવામાં આવી છે.

ગૃહમંત્રી પણ તેમની વાતને ગંભીરતાપૂર્વક સાંભળી ચુક્યા છે. બંગાળમાં એનઆરસીને લઈને કોઈ ચર્ચા થઈ નથી. ત્યાં એનઆરસીની કોઈ જરૂર પણ દેખાઈ રહી નથી. ગૃહમંત્રી સાથે વાતચીત બાદ મમતાએ કહ્યું હતું કે, એનઆરસીનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. ૧૯ લાખ લોકો એનઆરસીથી બહાર રહ્યા છે જેમાં બંગાળી ભાષાના લોકો પણ છે. કેટલાક હિન્દી ભાષી અને ગુરખા લોકો પણ છે. આ તમામ કાયદેસરના નાગરિકોને એનઆરસીથી બહાર કરાયા છે. બંગાળમાં એનઆરસીને લઈને પણ અટકળોનો દોર ચાલી રહ્યો છે. બુધવારના દિવસે મમતા બેનર્જીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરી હતી. આમંત્રણ અપાયું હોવા છતાં મોદીના શપથગ્રહણ કાર્યક્રમમાં મમતા બેનર્જી પહોંચ્યા ન હતા. નીતિ આયોગની બેઠકોથી બહાર રહેવા, આયુષમાન ભારત અને નવા ટ્રાફિક નિયમોને બંગાળમાં લાગૂ ન કરવાને લઈને ચર્ચા થઈ હતી. અલબત્ત આ મુલાકાત દરમિયાન ખુબ સાનુકુળ માહોલમાં ચર્ચા થઈ હતી.

## વિઘ્ન ન નાખો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કે, ભારતીયોની ભાવનાઓને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે. મહારાષ્ટ્રમાં ગામ, ગરીબ ખેડૂતો અસ્થિરતાના શિકાર થયા છે. નાસિકમાં ચૂંટણી રેલીને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, કેટલાક લોકો અયોધ્યામાં રામ મંદિરને લઈને જેમ તેમ નિવેદન કરી રહ્યા છે. દેશના તમામ લોકોના મનમાં સુપ્રીમ કોર્ટને લઈને સન્માન રહે તે જરૂરી છે. મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચેલો છે. કોર્ટમાં તમામ લોકો પોતપોતાની રજૂઆત કરી રહ્યા છે. આવી સ્થિતિમાં આ પ્રકારના નિવેદન કરનાર લોકો ક્યાંથી આવી ગયા છે તે બાબત સમજાઈ રહી નથી. આવા લોકોને તેઓ હાથ જોડીને કહેવા માંગે છે કે, બિનજરૂરી નિવેદનબાજીથી નુકસાન થશે. ભગવાન રામ માટે ભારતની ન્યાયિક વ્યવસ્થામાં વિશ્વાસ રાખવાની જરૂર છે. આંખ બંધ કરીને આડેધડ નિવેદન કરવા જોઈએ નહીં. મોદીએ કહ્યું હતું કે, સરકારે વચન આપ્યું હતું કે, જમ્મુ કાશ્મીર અને લડાખમાં સમાધાન માટે પ્રયાસ કરવામાં આવશે. દેશ આવા સપનાને સાકાર કરવાની દિશામાં આગળ વધી રહી છે. જમ્મુ કાશ્મીરમાં ભારતના બંધારણને લાગૂ કરવાની બાબત માત્ર એક સરકારનો નિર્ણય નથી બલ્કે ૧૩૦ ભારતીયોની ભાવનાઓના પ્રેક્ટિકલ તરીકે છે. આ નિર્ણય જમ્મુ કાશ્મીર અને લડાખના લોકોને હિંસા, અલગતાવાદ, આતંકવાદના કુચક્રમાંથી બહાર કાઢવા માટે ભારતની એકતા અને અખંડતા માટે લેવામાં આવ્યો છે. કાલ સુધી એમ કહેવામાં આવતું હતું કે, કાશ્મીર અમારું છે અને અમે દરેક હિન્દુસ્તાની કહી રહ્યા છે કે, અમને નવા કાશ્મીરના નિર્માણની જરૂર છે.